### પૂણા વિસ્તારમાં લૂંટ કરીને પરિણીતા પર ગેંગરેપ કરનારા

# આરોપીઓ સામે 26 દિવસમાં 2053 પાનાંની ચાર્જશીટ કોર્ટમાં રજૂ

**સીસીટીવી** અને મેડિકલ સહિતના પુરાવાઓ ચાર્જશીટમાં સામેલ કરાયા

સુરતઃ શહેરના પુણા વિસ્તારમાં રહેતા એક પરિવારના મોભીને ત્રણ રીઢા ગુનેગારોએ ઘરમાં ઘૂસી બંધક બનાવ્યા બાદ તેની પત્ની પર બે શખ્સે ગેંગરેપ કરી 60 હજારની લૂંટ ચલાવી હતી. જો કે, આ ચકચારીત ઘટનામાં પોલીસે ગણતરીના દિવસોમાં ત્રણેય આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ સાથે જ આરોપીઓને સાથે રાખી તમામ જરૂરી સીસીટીવી ગેટ અનાલિસિસ સહિતના સજ્જડ પુરાવા એકત્ર કરવામાં આવ્યા હતા. જેના પગલે પુણા પોલીસ દ્વારા 26 દિવસમાં ત્રણેય આરોપીઓ સામે 2053 પાનાંની ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે.

પુણા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ ગત તા.13 ફેબ્રુઆરી-2025ના રોજ પુણામાં એક સોસાયટીમાં ગત તા.13 ફેબ્રુઆરીના રોજ મોડી રાત્રે લૂંટના ઈરાદે ત્રણ શખ્સ દંપતીના ઘરમાં ઘૂસી ગયા હતા. એ બાદ ચપ્પુ બતાવી પતિને બંધક બનાવ્યો હતો અને પત્નીને ધાબા પર લઈ જઈ બે આરોપીએ વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું અને તેનો વિડીયો પણ ઉતાર્યો હતો. જતી વખતે રૂ.37 હજાર રોકડા અને બે બ્રેસ્લેટ મળી કુલ 60 હજારની મતા પણ લૂંટી ગયા હતા. આ બનાવ અંગે પુણા પોલીસ સ્ટેશન ખાતે સામૂહિક બળાત્કાર સાથે લૂંટનો ગુનો નોંધાયો હતો. જેની ગંભીરતાને ધ્યાને લઈ વરાછા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી.ગોજીયા, તેમના પોલીસ માણસો અને પુણા પોલીસ સ્ટેશનના માણસોની સંયુક્ત ટીમની SITની રચના કરવામાં આવી હતી.

48 કલાકમાં આરોપી દિનેશ ઉર્ફે છોટુ રામખિલાડી યાદવ, નિકુંજ ડથ્થર ઉર્ફે બુલેટ ચકુરભાઈ ભીંગરાળિયાને ભાવનગર ખાતેથી પકડી પાડ્યા હતા. જ્યારે આરોપી અમિત ઉર્ફે રઘુ રોકડા નસીરભાઈ વાળાને અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાંથી પકડી પાડ્યો હતો. જો કે, આ ઘટનામાં પુણા પોલીસ દ્વારા આરોપીઓને પકડી રિમાન્ડ મેળવી પૂરતા પુરાવા ફરિયાદી પક્ષના સાહેદો, અન્ય સાહેદો, પંચો, સીસીટીવી ફૂટેજ, ગેઈટ એનાલિસિસ રિપોર્ટ, સાયબર ફોરેન્સિક, મેડિકલ પુરાવા, વૈજ્ઞાનિક પુરાવા, ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ અભિપ્રાય, મોબાઈલ લોકેશનો તથા સાંયોગિક પુરાવાના આધારે ગુનો આરોપીઓએ જ કર્યો હોવાનું પ્રસ્થાપિત થતાં આરોપીઓ વિરુદ્ધમાં માત્ર 26 દિવસમાં 2053 પાનાંની ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

#### આરોપીઓએ દારૂ પીધો હતો

ગેંગરેપ વિથ લૂંટની ઘટનામાં પોલીસે ભાવનગરથી બે આરોપી નિકુંજ ડથ્થર ઉર્ફે બુલેટ ભીંગરાળિયા અને દિનેશ ઉર્ફે છોટુ રામખિલાડી યાદવને પકડી પાડી 5500 રોકડ અને એક બ્રેસ્લેટ કબજે લીધું હતું. દિનેશ અગાઉ મહિલાની બાજુના રૂમમાં રહેતો હતો, ત્યારથી જ તેણે મહિલા પર દાનત બગાડી હતી. બનાવની રાત્રે આરોપીઓએ એક મકાન પર દારૂ પીધો હતો. એ બાદ નિકુંજ, દિનેશ અને અમિત ઉર્ફે રઘુ રોકડા પૈસાની જરૂરિયાત હોવાથી લૂંટનો પ્લાન બનાવ્યો હતો. જે બાદ તે લૂંટના ઇરાદે નીચે ઊતર્યા ત્યારે દિનેશે 'યે મકાનમે પતિ-પત્ની એકલે રહેતે હૈ' કહેતા નિકુંજ અને દિનેશ ઘરમાં ઘૂસતા જ મહિલાને જોઈને આકર્ષાયો હતો. જેથી તે તેને ધાબા ઉપર લઇ ગયો હતો અને દુષ્કર્મ કર્યું હતું. તેણે આ વાત નિકુંજને કરતાં તેણે પણ બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ લૂંટ કરી પાછળની અગાશી પરથી કૂદી આરોપીઓ ફરાર થઇ ગયો હતા. અમિત પણ ચપ્પુ લઈને ઘૂસ્યો હતો, પણ હિંમત નહીં ચાલતાં તે નીચે ઊભો રહ્યો હતો અને લૂંટ થઈ ગયા બાદ પોતાનો હિસ્સો લઈને ફરાર થઈ ગયો હતો.

## હજીરામાં અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીની ગેલેરીમાંથી પડી જતાં કામદારનું મોત

સુરત : હજીરા ખાતે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાં કામ કરતો યુવક ગેલેરીના 50 ફૂટ ઉપરથી નીચે પટકાતા મોતને ભેટ્યો હતો. યુવક ફોન ઉપર વાત કરી રહ્યો હતો. ત્યારે અકસ્માતે નીચે પટકાયો હતો. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બિહારના વતની અને હાલમાં હજીરા ખાતે આવેલી અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાં કામ કરી ત્યાં જ રહેતો 19 વર્ષીય લલન મુન્ના નિસાદ તેનો પરિવાર વતનમાં છે. તેનો એક ભાઈ છે. ગઈકાલે રાત્રે લલન કંપનીના 50 ફૂટ ઊંચાઈની ગેલેરીમાં ઉભો રહી ફોન પર કોઈની સાથે વાત કરી રહ્યો હતો. દરમિયાન અકસ્માતે તે નીચે પટકાયો હતો. જેથી તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ હજીરા પોલીસ કરી રહી છે.

# લેન્ડમાર્ક એમ્પાયર માર્કેટના મેનેજર દ્વારા રૂ.૨૪.૫૫ લાખની ઉચાપત

**ઠગબાજ** મેનેજર માતા હોસ્પિટલમાં દાખલ હોવાનું બહાનું કાઢી નાસી છૂટ્યો

સુરતઃ શહેરના પુણાગામ ખાતે આવેલા લેન્ડમાર્ક એમ્પાયર માર્કેટની સોસાયટીનો મેનેજર ૨૪.૫૫ લાખની ઉચાપત કરી રફૂચક્કર થઇ ગયો હોવાનો બનાવ પુણા પોલીસ ચોપડે નોંધાયો છે. ઠગબાજ મેનેજરે સોસાયટીના બેંક ખાતાના ૧૨ ચેક ચોરી કરી બોગસ સહીઓ કરી ચેકો પોતાના તેમજ અન્ય સગાસંબંધીઓના ખાતામાં ૨૩.૯૧ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા.

વેસુ ખાતે સેલિબ્રિટી ગ્રીનમાં રહેતા નવીનભાઈ આનંદપ્રકાશ જૈન લેન્ડમાર્ક એમ્પાયર્સ કો.ઓ.સર્વિસ સોસાયટી લિમિટેડના ખજાનચી તરીકે ફરજ બજાવે છે.આ સોસાયટીમાં સપ્ટેમ્બર ૨૦૨૪થી મહીપાલસિંહ અમરસિંહ ઓસરામિયા (રહે, સ્મીમેર મેડિકલ કોલેજ, નર્સિંગ ક્વાટર્સ, ઉમરવાડા) મેનેજર તરીકે નોકરી કરતો હતો. માર્કેટમાં રાત્રિના સુમારે ચાલતી દુકાન એક રાત્રિના રૂપિયા ૫૦૦ લેખે સોસાયટીના ફંડમાં જમા કરાવમાં આવે છે. જે નાણા દુકાનદાર પાસેથી મહિપાલસિંહ વસુલતા હોય છે. દિવાળીમાં મહિપાલસિંહે દુકાનવાળાઓ પાસેથી ૬૪ હજાર એકઠા કર્યા હતા.પરંતુ આ પૈસા તેઓએ સોસાયટીના બેંક એકાઉન્ટમાં જમા કરાવ્યા ન હતા.અને ૧૪ નવેમ્બરના રોજ વોટ્સઅપ ઉપર મારી માતા હોસ્પિટલમાં દાખલ છે જેથી હું રજા પર જાઉ હોવાનો મેસેજ કરી ફોન બંધ કરી નાસી ગયો હતો. ઠગબાજ મેનેજર મહિપાલસિંહએ નોકરી દરમિયાન સોસાયટીના ચેક બુક ચોરી કરી તેમાં નવીનભાઈ તેમજ સોસાયટીના કમીટીના સભ્યો પવન તેમજ જટા શંકરની બોગસ સહીઓ કરી ૧૨ ચેક પૈકી ૧૦ ચેકો મહિપાલસિંહ તેના આઈસીઆઈસીઆઈ બેંકના ખાતામાં ટુકડે ટુકડે કરી ૨૦,૦૪,૮૩૦ જ્યારે અન્ય બે ચેક પૈકી એક ચેકમાં અરવિંદકુમાર દુબેના ખાતામાં ૧,૮૮,૫૦૦ અને બીજા ચેક મીતેશ કાપડિયાના ખાતામાં ૧,૯૮,૮૦૦ જમા કરાવ્યા હતા. આમ મહિપાલસિંહએ ૧૨ ચેક મારફતે રૂપિયા ૨૩,૯૧,૩૩૦ અને દુકાનના ૬૪,૦૦૦ મળી કુલ રૂપીયા ૨૪,૫૫,૩૩૦ની છેતરપિંડી કરી હતી.

### હોલિકા દહન માટે લાકડાંની માંગ હજી પણ અકબંધ



હોળીનાં તહેવારમાં હોલિકાદહન કરવામાં આવે છે. જેમાં ગલેમંડી ખાતે આવેલી પેઢીમાંથી વર્ષોથી લોકો લાકડા ખરીદે છે જે પરંપરા આજે પણ યથાવત છે.

## અડાજણમાં આધેડ મહિલાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો

સુરતઃ અડાજણ સુડા આવાસમાં રહેતા આધેડ મહિલાએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ અડાજણ વિસ્તારમાં આવેલા સુડા આવાસમાં રહેતા 56 વર્ષીય મધુબેન રૂપાભાઈ પરમાર એકલા રહીને જીવન ગુજારતા હતા. મધુબેનને સંતાનમાં ત્રણ પુત્રી છે. તેમને ઘણા સમયથી દાંતમાં દુખાવો થતો હતો અને મધુબેન ઘણા સમયથી તેમની પુત્રીઓને હું મરી જવાની, હું મરી જવાની એમ રટણ કરતા હતા. દરમિયાન બુધવારે બપોરે મધુબેને ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ અડાજણ પોલીસ કરી રહી છે.

### વરાછામાં રૂસ્તમ બાગ બીઆરટીએસ બસ સ્ટેન્ડની બહાર

# માતા સાથે રસ્તો ઓળંગી રહેલા બાળકનું બાઈક અડફેટે મોત

સુરતઃ વરાછા ગૌશાળા નજીક આવેલા રૂસ્તમ બાગ બીઆરટીએસ બસ સ્ટેન્ડની બહાર માતા સાથે રસ્તો ઓળંગતી વખતે ધો.2ના વિદ્યાર્થીને અજાણ્યા બાઈકચાલકે અડફેટે લેતાં ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મોત થયું હતું.

અમરોલી-કોસાડ આવાસમાં રહેતા પ્રકાશ ડાંગર હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે નોકરી કરી પત્ની, બે પુત્ર તેમજ એક પુત્રીનું ભરણપોષણ કરે છે. પ્રકાશભાઈના બે પુત્રો પૈકી 9 વર્ષીય તિલક ગોડાદરા ખાતે આવેલી સુમન સરકારી શાળામાં ધો.2માં અભ્યાસ કરતો હતો. ગઈકાલે બપોરે પ્રકાશભાઈ બાઈક પર પુત્ર સહિત ત્રણ બાળકને લેવા ગયા હતા. ત્યારબાદ પ્રકાશભાઈ ત્રણેયને લઈ બાઈક પર વરાછા ગૌશાળા ખાતેથી પસાર થતા હતા. દરમિયાન તેમને કામ આવી જતાં પત્નીને કોલ કરી બાળકોને લઈ જવા કહ્યું હતું. જેથી પત્ની વરાછા ગૌશાળા ખાતે આવી બાળકોને લઈ રૂસ્તમ બાગ બીઆરટીએસ બસ સ્ટેન્ડની અંદર જઈ ઘરે જવા બસની રાહ જોઈ રહી હતી. પરંતુ બસ મોડે સુધી નહીં આવતાં તે બાળકોને લઈ બસ સ્ટેન્ડની બહાર નીકળતી હતી. તે સમયે અજાણ્યા બાઈકચાલકે તેમના પુત્ર તિલકને અડફેટે લેતાં ગંભીર ઈજા પહોંચી હતી. તિલકને સારવાર માટે નીજકના ક્લિનિકમાં લઈ ગયા બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તિલકનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. આ અંગે વધુ તપાસ વરાછા પોલીસ કરી રહી છે.

# સુરતમાં ઘોડાઓ સાથે કઠોર વલણ, વેસુમાં પ્રાણી ક્રૂરતાનો કિસ્સો બહાર આવ્યો

**ધગધગતા** ડામરના રસ્તા પર ઘોડાની ખરીમાંથી લોખંડની નાળમાં ખીલી ઠોકી અને ફરીથી કાઢી

સુરતઃ શહેરના વેસુ વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં ઘોડાઓ પર ક્રૂરતાપૂર્વક વર્તન કરાતું હોવાનું સામે આવ્યું છે. જીવદયા માટે કાર્યરત પ્રયાસ જીવદયા સંસ્થાના સ્વયંસેવકોને વેસુમાં એક વ્યક્તિ ધગધગતા ડામરના રસ્તા પર ઘોડાની ખરીમાંથી લોખંડની નાળ ખીલી ઠોકી અને ફરીથી કાઢી નાંખતો જોવા મળ્યો હતો. સંસ્થાના કાર્યકર તીર્થ શેઠ અને ટીમે જ્યારે તપાસ કરી તો જાણવા મળ્યું કે આ વ્યક્તિ નાળ



વેચવાનો ધંધો કરે છે. વિશેષ તપાસમાં બહાર આવ્યું કે આ એક સંગઠિત પરપ્રાંતી ટોળકી છે, જે શહેરના વિવિધ વિસ્તારોમાં આવી જ રીતના ઘોડા સાથે ઊભા રહે છે અને પ્રાણીઓ સાથે અમાનવીય વર્તન કરે છે. આશ્ચર્યની વાત તો એ છે કે, ઘોડાઓ માટે પાણી કે ખાવાની કોઈ જ સુવિધા નહોતી. પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ મુજબ પ્રાણીઓ સાથે કઠોર વર્તન, તેમની યોગ્ય સંભાળ ન રાખવી, તાલીમ વિના કોઈ પ્રક્રિયા કરવી અને કપરા સંજોગોમાં કામ કરાવવું અપરાધ છે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાના નિયમો મુજબ પણ આ પ્રાણીઓ માટે કોઈ રજિસ્ટ્રેશન અથવા પ્રમાણિત દસ્તાવેજો ઉપલબ્ધ નથી. શહેરની હદમાં આવા 'વર્કિંગ એનિમલ્સ' પરથી ગેરકાયદે રીતે ધંધો ચલાવવો મહાનગરપાલિકાના કાયદાનું ઉલ્લંઘન છે. જ્યાં પ્રયાસ જીવદયા સંસ્થાએ આ મામલે વેસુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી, ત્યાં જ પોલીસે તુરંત કાર્યવાહી કરી અને ઘોડાને માલિક સાથે પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. આ બનાવમાં પોલીસ તરફથી યોગ્ય શિક્ષાત્મક પગલાં લેવાયાં છે.

## ભટારમાં લૂમ્સના કારીગરની પત્નીએ ફાંસો ખાઈ લીધો

સુરત : ભટાર ખાતે રહેતી પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. તેણીએ કયા કારણસર આપઘાતનું અંતિમ પગલું ભર્યું તે હાલ જાણી શકાયું નથી.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહેસાણા ઊંઝાના વતની અને હાલમાં ભટાર વિસ્તારમાં આવેલા બંડી વાળા કમ્પાઉન્ડમાં રહેતા પ્રતિકભાઈ પટેલ લુમ્સના ખાતામાં કામ કરી પરિવારમાં પત્ની 30 વર્ષીય યામિનીબેન અને બે સંતાનનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારે યામિનીબેને ઘરે ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. યામિનીબેને કયા કારણસર આપઘાતનું અંતિમ પગલું ભર્યું તે હાલ જાણી શકાયું નથી. યામિની બેનના મોતથી બે સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી છે. આ અંગે વધુ તપાસ ખટોદરા પોલીસ કરી રહી છે.

# હવે સુરત મેટ્રોનો પ્રોજેક્ટ પૂર્ણ કરવા જૂન-2026ની તારીખ પડી

**ગુજરાત** મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા અગાઉ માર્ચ-2025 સુધીમાં મેટ્રોનો એક ફેઝ શરૂ થઈ જશે તેમ જણાવાયું હતું

સુરતઃ શહેરીજનો જે પ્રોજેક્ટની કાગડોળે રાહ જોઈ રહ્યા છે તે સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ હવે જૂન-2026માં શરૂ થઈ જશે તેમ જાણવામાં આવી રહ્યું છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા અગાઉ માર્ચ-2025 સુધીમાં મેટ્રોનો એક ફેઝ શરૂ થઈ જશે તેમ જણાવાયું હતું. હવે જૂન-2026માં સમગ્ર શહેરમાં મેટ્રો ફૂલફ્લેજમાં એટલે કે, મેટ્રોના બંને ફેઝ કાર્યરત થઈ જશે તેમ જાણવામાં આવ્યું છે. તે પહેલાં બંને કોરિડોરમાં કોઈ ફેઝની કામગીરી પૂર્ણ થઈ જશે તો તે ખુલ્લો મુકાશે તેમ જણાવવામાં આવ્યું છે. તા.18 જાન્યુઆરી-2021થી મેટ્રો રેલની કામગીરીનાં શ્રીગણેશ થયાં હતાં. 40.45 કિલોમીટરના બે રૂટ ઉપર તબક્કાવાર મેટ્રો રેલ દોડશે, જેમાં ડ્રીમ સિટીથી સરથાણા (ડાયમંડ કોરિડોર) અને સારોલીથી ભેંસાણ (ટેક્સટાઈલ કોરિડોર) છે. શહેરમાં હાલમાં બંને ફેઝની કામગીરી ચાલી રહી છે. 5 વર્ષથી મેટ્રોની ચાલી રહેલી કામગીરીને કારણે શહેરીજનો હવે હાય તોબા પોકારી ઊઠ્યા છે. ટ્રાફિકની પરેશાનીની સાથે સાથે લોકોના ધંધા-રોજગાર પર પણ મોટી અસર પડી છે ત્યારે હવે આ પ્રોજેક્ટ શરૂ થાય તેની શહેરીજનો કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

#### અંડરગ્રાઉન્ડ રૂટમાં શું કામગીરી ચાલી રહી છે?

અંડરગ્રાઉન્ડ રૂટ કે જે કુલ 7 કિ.મી.નો છે, જેમાં પ્રથમ ફેઝ સરથાણાથી ડ્રીમ સિટીના રૂટમાં કાપોદ્રાથી ચોકબજાર સુધી અંડરગ્રાઉન્ડ રૂટ છે. તેમાં 2 તબક્કામાં ટનલ બનાવવામાં આવી રહી છે. યુજી-1 કે જેમાં કાપોદ્રાથી સેન્ટ્રલ વેરહાઉસની ટનલ સંપૂર્ણ બની ચૂકી છે. એટલે કે, ટનલનું કામ 100 ટકા પૂર્ણ કરી દેવાયું છે, જેમાં હવે અપ અને ડાઉન એમ બે લાઈન વચ્ચે ક્રોસ પેસેજ બનાવવાની કામગીરી ચાલી રહી છે. યુજી-1માં ટીબીએમ (ટનલ બોરિંગ મશીન)ની કામગીરી સંપૂર્ણ થઈ ચૂકી છે. તેમજ યુજી-2 એટલે કે, સુરત રેલવે સ્ટેશનથી ચોકબજારમાં ટનલની કામગીરી 50 ટકા બાકી છે. આ ટનલની કામગીરી બાદમાં શરૂ થઈ હતી એટલે તેની કામગીરી હજી બાકી છે.

#### મેટ્રોની કામગીરીમાં વિલંબનાં કારણો શું છે?

» જમીનનો કબજા લેવામાં વિલંબ » ભૂગર્ભની લાઈનોમાં નકશા ઉપલબ્ધ ન હોય, લાઈન શિફ્ટિંગમાં વિલંબ » રાત્રિ શિફ્ટનાં કામો પર પ્રતિબંધ » ગીચ વસતીવાળા વિસ્તારોમાં દિવસના સમયે ટ્રાફિકની ભીડ » ઘણી જગ્યાઓ રૂટમાં પોલાણો અને ટ્યુબવેલો આવતાં તે હટાવવામાં વિલંબ

#### કયા ફેઝમાં કેટલી કામગીરી પૂર્ણ થઈ?

ડાયમંડ કોરિડોર (સરથાણાથી ડ્રીમ સિટી, કુલ લંબાઈ 22.77 કિ.મી.) » ડાયમંડ કોરિડોરમાં આજદિન સુધીમાં 91 ટકા કામગીરી પૂર્ણ થઈ હોવાનો દાવો કરાયો છે. » જેમાં એલિવેટેડ રૂટમાં કુલ 534 પીલર પૈકીના 488 પીલરનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. » અંડરગ્રાઉન્ડ ટનલ (કાપોદ્રાથી ચોકબજાર)માં યુજી-1ની ટનલ તૈયાર છે અને યુજી-2માં 50 ટકા ટનલ બનાવી દેવાઈ છે. ટેક્સટાઈલ કોરિડોર (સારોલીથી ભેંસાણ, કુલ લંબાઈ 19.26 કિ.મી) » ટેક્સટાઈલ કોરિડોરમાં આજદિન સુધીમાં કુલ 86 ટકા કામગીરી પૂર્ણ થઈ હોવાનો દાવો કરાયો છે. » જેમાં સમગ્ર એલિવેટેડ રૂટ છે. કુલ 600 પીલર પૈકી 515 પીલરનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

#### એલિવેટેડ રૂટમાં હાલમાં શું કામગીરી ચાલી રહી છે?

મેટ્રોના બંને કોરિડોરમાં એલિવેટેડ રૂટ છે, જેમાં હાલ બાકીના પીલર તૈયાર કરવામાં આવી રહ્યા છે. પીલર બની ગયા બાદ પછી સ્પાન ઊભા કરવા, ટ્રેક નાંખવા, પાવર સપ્લાય, સિગ્નલિંગ, ટેલિકોમ્યુનિકેશન વગેરેની કામગીરી શરૂ કરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ગ્રેજ્યુએશન ડેની ઉત્સાહભેર ઉજવણી




સુરતઃ જીડી ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા 11 માર્ચના રોજ એક્રોસ ધ ગ્લોબની યુનિક થીમ સાથે તેના સિનિયર કેજી વિદ્યાર્થીઓના ગ્રેજ્યુએશન ડે (સ્નાતક દિવસ)ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ શાનદાર ઇવેન્ટમાં વિદ્યાર્થીઓની પ્રતિભા, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક વિવિધતાનું ખરેખર એક અદભુત પ્રદર્શન જોવા મળ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત શાળાના ડિરેક્ટર પ્રિન્સિપાલ - શ્રીમતી જયશ્રી ચોરારિયાના સ્વાગત પ્રવચન સાથે થઈ હતી. તેમણે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, યાદ રાખો કે, દુનિયા તમારો વર્ગખંડ છે અને દરેક અનુભવ એ શીખવાની અને વિકાસ કરવાની તક છે. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન સ્કૂલના ડિરેક્ટર પ્રિન્સિપાલ શ્રીમતી જયશ્રી ચોરારિયાના માર્ગદર્શન હેઠળ, પ્રિ-પ્રાયમરી કોઓર્ડિનેટર સુશ્રી અંકિતા મુલિયા, પ્રિ-પ્રાયમરી એસોસિયેટ કોઓર્ડિનેટર સુશ્રી શ્રેયા નારંગ અને સેક્શન એક્ટિવિટી ઇન્ચાર્જ સુશ્રી જાનકી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનું પ્રવિણ તોગડિયાજીના નેતૃત્વમાં પ્રયાગરાજમાં સેવાયજ્ઞ



સુરત : આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સંસ્થાપક અને અધ્યક્ષ અને ફાયર બ્રાન્ડ હિન્દુ નેતાની ઓળખ ધરાવનાર ડો. પ્રવિણભાઈ તોગડીયા (કેન્સર સર્જન) હાલમાં સુરતના ત્રીદિવસીય પ્રવાસે છે. વિશેષ ચિંતનના ભાગરૂપ રવિવારે તેઓ ડુમ્મસ (સુરત) ખાતે રોકાણ કર્યુ હતું. પત્રકાર પરિષદને સંબોધિત કરતા પ્રવિણભાઈ તોગડીયા કહ્યું હતું કે આ વખત મહાકુંભ અદભુત હતો. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને બજરંગ દલ દ્વારા તીર્થરાજ પ્રયાગરાજમાં દોઢ મહિનો 14 જગ્યાએ ભંડારા ચલાવીને સવા કરોડ લોકોની જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ડુમસના અગ્રણી રીયલ એસ્ટેટ ડેવલપર દીપકભાઈ ધીરૂભાઈ ઈજારદારએ કહ્યું હતું કે પ્રવિણભાઈ તોગડીયાજી ના નેતૃત્વમાં પર્યાગરાજ મહાકુંભમાં સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કોઈ પણ ભાવિક ભક્તને સુવિધા ના થાય એનું ધ્યાન આપવામાં આવ્યું હતું. લોકોની જમવાની રહેવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

### પ્રિત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વૃદ્ધાશ્રમમાં ભજન સંધ્યાનું આયોજન



સુરતઃ પ્રિત ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમતી ભારતીબેન વશી અને એના કાર્યકર્તાઓ દ્વારા ભાઠા ગામમાં આવેલા શ્રી મોઢેશ્વરી હિતવર્ધક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલો માટે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વૃદ્ધાશ્રમમાં રહેતા ૭૫ વડીલોને સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું હતું અને દરેક વડીલોને પ્રિત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લેધરની બેગ, વિક્સ, આયોડેક્સ, પેઇનકિલર, ટૂથપેસ્ટ અને ટૂથબ્રશ, હેર ઓઇલ, કાંસકો વગેરે જરૂરી વસ્તુઓ આપવામાં આવી હતી.

### ભગવાન મહાવીર યુનિવર્સિટી ખાતે 'સ્પંદન-૨૦૨૫' યુવા મહોત્સવની ભવ્ય ઉજવણી



સુરતઃ ભગવાન મહાવીર યુનિવર્સિટી યોજાયેલા બેદિવસીય યુવા મહોત્સવ સ્પંદન-૨૦૨૫ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહોત્સવના બીજા દિવસે પ્રસિદ્ધ સિંગર રિધમ શાસ્ત્રી દ્વારા લાઈવ મ્યુઝિક કોન્સર્ટ 'પરિંદા' પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં યુવા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દરમિયાન યુનિવર્સિટીના P.hD, નેટ-સ્લેટ, આંતરરાષ્ટ્રીય પેપર પ્રેઝન્ટેશન તથા રમતગમત ક્ષેત્રે પ્રભાવશાળી પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ અને સ્ટાફને સન્માનિત કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના મેનેજિંગ ટ્રસ્ટી અનિલ જૈને જણાવ્યું કે, "સ્પંદન-૨૦૨૫ના સફળ આયોજનમાં 24 જેટલી કોલેજોના ફેકલ્ટી, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ મહોત્સવમાં ડાન્સ, સિંગિંગ, એક્ટિંગ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. જે વિદ્યાર્થીઓ માટે એક અનોખો અનુભવ સાબિત થયો હતો.

### ક્રાઇસ્ટ યુનિવર્સિટીમાં સુરતની વન્યા ભટ્ટે માય ફેર લેડીનું નાટક ભજવ્યું



સુરત : ક્રાઇસ્ટ યુનિવર્સિટી ખાતે 1 અને 2 માર્ચે ઇન્ટરનેશલ લેવલે બ્રોડવે પર ભજવાતા લર્નર અને લોયેની દ્વારા લિખિત માય ફેર લેડી નાટકનું ભવ્ય આયોજન કર્યું હતું જે દર્શકોને મંત્રમુગ્ધ કરી ગયું. આ નાટક ચાર આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ નિર્માણ પામ્યું હતું અને મ્યુઝિક થિયેટર ઇન્ટરનેશનલ (MTI)નું લાયસન્સ મેળવીને કરવામાં આવ્યું હતું. શોના મુખ્ય આકર્ષણમાં વન્યા ભટ્ટની એલાઇઝા ડૂલિટલની ભૂમિકા હતી, જે દર્શકોના મન પર ગજબની છાપ છોડી ગઈ હતી. મૂળ સુરત, ગુજરાતની વતની વન્યા ભટ્ટ એક પ્રતિભાશાળી ગાયિકા અને સંગીતકાર છે

### શ્રી અગ્ર કામધેનુ ગૌશાળા ફાઉન્ડેશન દ્વારા સિસોદ્રામાં આદર્શ ગૌશાળા બનાવવામાં આવશે

સુરતઃ શ્રી અગ્ર કામધેનુ ગૌશાળા ફાઉન્ડેશન-સુરત દ્વારા પલસાણા નજીક સિસોદ્રા ગામમાં ગૌશાળા અને ગુરૂકુળનું નિર્માણ કરાઈ રહ્યું છે. આ માટે 1334 વીઘાં જમીન ખરીદવામાં આવી છે. ફાઉન્ડેશનના પવન ઝુનઝુનવાલાએ જણાવ્યું હતું કે, સંસ્થાનો ઉદ્દેશ ગુજરાતના આદર્શ ગૌશાળાની સાથે એક એવું ગુરૂકુળ બનાવવાનો છે, જ્યાં આચાર્ય પદ્ધતિ દ્વારા શિક્ષણ આપી શકાય. મંદિર ઉપરાંત, પંચગવ્યમાંથી દવાઓ બનાવવાની પણ યોજના છે. ફાઉન્ડેશનના મહેશ મિત્તલે જણાવ્યું હતું કે, ગૌશાળાનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. શ્રી અગ્ર કામધેનુ ગૌશાળા ફાઉન્ડેશનના અરૂણ પાટોદિયાએ માહિતી આપી હતી કે, ગૌશાળા અને ગુરૂકુળના નિર્માણ કાર્યને ઝડપી બનાવવા માટે 16 માર્ચે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં 'એક શામ-ગૌમાતા કે નામ' નામનો કાર્યક્રમ યોજાશે, જેમાં દેશભરના હાસ્ય કલાકારો સાથે પ્રખ્યાત કવિઓ અને કવયિત્રીઓ એકત્ર થશે.